રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

ઈ-ન્યૂઝલેટર અંક નં. ૩૦ ઓક્ટોબર-૨૦૨૦

# સ્માર્ટ રાજકોટ



## ૨-ઓક્ટોબર ગાંધી જયંતિ અને રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ નિમિત્તે

# રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ગાંધી મ્યુઝિયમનું સ્પેશિયલ ડાક કવર રિલીઝ કરાયું

માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ૨–ઓક્ટોબર ગાંધી જયંતી નિમિતે મહાત્મા ગાંધી મ્યુઝિયમનું સ્પેશિયલ ડાક કવર રિલીઝ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં આ કાર્યક્રમના ઉદ્ઘાટક માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા, માન.સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ચેરમેનશ્રી ડૉ. ભરતભાઈ બોઘરા, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગ આયોગના ચેરમેનશ્રી હંસરાજભાઈ ગજેરા, શહેરના ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, મેયરશ્રી બીનાબેન આચાર્ય, ડે. મેયર અશ્વિનભાઈ મોલીયા, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનિલ રાણાવસીયા, રાજકોટના પોસ્ટ માસ્તર જનરલશ્રી રાકેશ કુમાર, સીનીયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટશ્રી એન. કે. પરમાર, અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી કિશોરભાઈ રાઠોડ, શિશુ કલ્યાણ ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજના કમિટીના ચેરમેનશ્રી રૂપાબેન શીલુ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી આશિષભાઈ વાગડિયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, કાર્પોરેટરશ્રીઓ દેવુબેન જાદવ, દુર્ગાબા જાડેજા, વિજયાબેન વાછાણી, નીતિનભાઈ રામાણી, પ્રીતીબેન પનારા, હિરલબેન મહેતા, ડૉ. દર્શિતાબેન શાહ, મીનાબેન પારેખ, દેવરાજભાઈ મકવાણા, અશ્વિનભાઈ ભોરણીયા, અનીતાબેન ગોસ્વામી, શિલ્પાબેન જાવિયા, જયાબેન ડાંગર, જ્યોત્સનાબેન ટીલાળા, મનીષભાઈ રાડીયા, મહિલા મોરચા પ્રમુખ શ્રી નયનાબેન પેઢડીયા તથા સ્થાનિક હોદ્દેદારો વિગેરે ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવેલ કે, પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી સમગ્ર દેશ માટે આનંદનો દિવસ છે. તેઓએ દેશને આઝાદી અપાવી તેની સાથોસાથ સામાજિક, આધ્યાત્મિક ઉન્નતિની પ્રેરણા આપેલ હતી. અંગ્રેજોને ચુંગાલમાંથી દેશને આઝાદી અપાવવી એ તેમનો મૂળ મંત્ર ન હતો. પરંતુ આઝાદી કરતા સ્વચ્છતા અને સામાજિક ઉત્થાનને વિશેષ મહત્વ આપ્યું




હતું. તેઓ દ્રઢ પણે માનતા કે લોકો શિક્ષિત અને સ્વાવલંબી બને. સત્ય, અહિંસા, અપરિગ્રહ જેવા અગિયાર મહાવ્રતો તેમણે જીવનમાં ઉતારેલ હતા. તેઓએ રામ રાજ્યની કલ્પના કરી, ગાંધીજીએ સામાજિક સમરસતા, ગ્રામોત્પાન અને ખાદી ઉદ્યોગને વેગ આપ્યો હતો. વડાપ્રધાન મોદીની સ્વચ્છતા અભિયાન, જનધન યોજના, કન્યા કેળવણી અને નલ સે જલ જેવી યોજનાઓમાં મહાત્મા ગાંધીના વિચારોનો સ્પષ્ટપણે પ્રભાવ જોવા મળે છે. મહાત્મા ગાંધીએ રાજકોટ ખાતે અભ્યાસ કરેલ તે આલ્ફ્રેડ હાઈસ્કુલમાં વર્લ્ડ ક્લાસ મ્યુઝિયમ બનવવામાં વડાપ્રધાનનો અમુલ્ય ફાળો છે. આ મ્યુઝિયમમાં ગાંધીજીને જીવંત કરવામાં આવ્યા છે. નવી પેઢી ગાંધીજીના વિચારોને સમજે, જીવનમાં તેમનું અનુકરણ કરે તે માટે આ મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે. આજે કેન્દ્ર સરકારના પોસ્ટ વિભાગ દ્વારા ગાંધી મ્યુઝિયમ આધારિત ફસ્ટ ડે કવર બનાવી રાજકોટ અને ગાંધીજીના સંબંધો પ્રસ્થાપિત કર્યા છે અને રાજકોટને વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધિ અપાવી છે. સરકારે આજરોજ ખાદીની ખરીદી પર ૨૦% ડિસ્કાઉન્ટ જાહેર કરેલ છે ત્યારે ખાદીના લઘુ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા લોકો, ખાદી ખરીદ કરે તેવી અપીલ કરું છું.

આ પ્રસંગે મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, રાજકોટ ખાતે તૈયાર કરવામાં આવેલ મહાત્મા ગાંધી મ્યુઝિયમ આધારિત ફસ્ટ ડે કવરનું મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વિમોચન થનાર છે. આ મ્યુઝિયમનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે કરવામાં આવેલ ત્યારથી વિશ્વને એક અમુલ્ય ભેટ મળેલ છે. મહાત્મા ગાંધી એક મહાન પ્રજાકીય નેતા હતા. સત્યશીલ અને વ્યવહારશીલ નેતા હતા. રાજકોટ ખાતે તૈયાર થયેલ મ્યુઝિયમના તેના સમગ્ર જીવનના પ્રસંગો આબેહુબ પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ મ્યુઝિયમની વિદેશીઓ સહિત હજારો લોકો મુલાકાત લે છે. ૧૯૬૯માં ગાંધી શતાબ્દી નિમિત્તે વિશ્વના અનેક દેશોએ તેમની પોસ્ટલ સ્ટેમ્પ બહાર પાડેલ. આજે તેમની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ફસ્ટ ડે કવર રિલીઝ કરવાની તક રાજકોટને સાંપડી છે તે એક ઐતિહાસિક ઘટના છે.


આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કરતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડે જણાવેલ કે, આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૧ની જન્મ જયંતી નિમિત્તે રાજકોટ ખાતે આવેલ વિશ્વ કક્ષાના મહાત્મા ગાંધી મ્યુઝિયમ પર આધારિત ફસ્ટ ડે કવર મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ઈ–રિલીઝ થનાર છે તે રાજકોટ માટે અનેરી ઘટના છે. મહાત્મા ગાંધી અને રાજકોટનો અતુલ્ય નાતો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના સનિષ્ઠ પ્રયાસોના કારણે કરોડોના ખર્ચે તૈયાર થયેલ આ મહાત્મા ગાંધી મ્યુઝિયમની અમુલ્ય ભેટ રાજકોટ મળેળ છે ત્યારે આ ફસ્ટ ડે કવરના લોન્ચિંગ માટે સૌનો આભાર માનું છું.

કાર્યક્રમના પ્રારંભે માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપણી દ્વારા ફસ્ટ ડે કવરનુ ઈ–રિલીઝ કરવામાં આવેલ. ત્યારબાદ રાજકોટ ખાતે ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા ફસ્ટ ડે કવર રિલીઝ કરવામાં આવેલ. અંતમાં આભારદર્શન ડેપ્યુટી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયાએ કરેલ હતું.



## ૨-ઓક્ટોબર ગાંધી જયંતિ અને રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ નિમિત્તે






# માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે રાજયમાં ૮૩૫ જેટલા આંગણવાડી, સેજા કચેરી અને બ્લોક ઓફીસના નવનિર્મિત ભવનોનું ઈ-લોકાર્પણ, ઈ-ભૂમિપૂજન

## નંદઘર ઈન્ફોર્મેશન ટ્રેકિંગ એપ્લીકેશનનું લોન્ચિંગ, જીલ્લા કક્ષાના માતા યશોદા એવોર્ડ વિતરણ કરાયું

માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે તા.૨-૧૦-૨૦૨૦ના રોજ ગુજરાતભરમાં ૮૩૫ જેટલા આંગણવાડી, સેજા કચેરી અને બ્લોક ઓફીસના નવનિર્મિત ભવનોનું ઈ-લોકાર્પણ, ઈ-ભૂમિપૂજન તથા NITA (નંદઘર ઈન્ફોર્મેશન ટ્રેકિંગ એપ્લીકેશન)નું લોન્ચિંગ, જીલ્લા કક્ષાના માતા યશોદા એવોર્ડ વિતરણ અને ૨-ઓક્ટોબર રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ નિમિત્તે હેન્ડ વોશીંગ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં, ઉદ્‌ઘાટક માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ચેરમેનશ્રી ડૉ. ભરતભાઈ બોઘરા, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગ આયોગના ચેરમેનશ્રી હંસરાજભાઈ ગજેરા, શહેરના ધારાસભ્યો શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, મેયરશ્રી બિનાબેન આચાર્ય, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનિલ રાણાવસીયા, અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી કિશોરભાઈ રાઠોડ, શિશુ કલ્યાણ ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજના કમિટી ચેરમેનશ્રી રૂપાબેન શીલુ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી આશિષભાઈ વાગડિયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, કોર્પોરેટરશ્રીઓ શ્રી દેવુબેન જાદવ, શ્રી દુર્ગાબા જાડેજા, શ્રી વિજયાબેન વાછાણી, શ્રી નીતિનભાઈ રામાણી, શ્રી પ્રીતિબેન પનારા, શ્રી હિરલબેન મહેતા, ડૉ. દર્શિતાબેન શાહ, શ્રી મીનાબેન પારેખ, શ્રી દેવરાજભાઈ મકવાણા, શ્રી અશ્વિનભાઈ ભોરણીયા, શ્રી અનીતાબેન ગોસ્વામી, શ્રી શિલ્પાબેન જાવિયા, શ્રી જયાબેન ડાંગર, શ્રી જ્યોત્સનાબેન ટીલાળા, શ્રી મનીષભાઈ રાડીયા, મહિલા મોરચા પ્રમુખ શ્રી નયનાબેન પેઢડીયા તથા સ્થાનિક હોદ્દેદારો વિગેરે ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવેલ કે, ૨ જી ઓક્ટોબર સમગ્ર રાષ્ટ્ર મહાત્મા ગાંધી જન્મ જયંતી પ્રસંગે ઉજવીએ છીએ ત્યારે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ દિવસને રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. ગાંધીજી કહેતા કે, જો આઝાદી અને સ્વચ્છતા એ બે માંથી જો કોઈની પ્રથમ પસંદગી કરવાની થાય તો હું સ્વચ્છતાને પ્રથમ પસંદ કરીશ. તેઓ કહેતા કે, સ્વચ્છતામાં ઈશ્વરનો વાસ છે અને ઈશ્વર એટલે કલ્યાણ. સ્વચ્છતામાં જ સર્વનું કલ્યાણ રહેલું છે. ભારત દેશએ ગરીબ, ભિખારીઓ અને ગંદકીથી ભરેલો દેશ નહિ પરંતુ, સુખી સંપન્ન લોકોનો સ્વચ્છ દેશ છે. વડાપ્રધાનશ્રીએ આંગણવાડીના બાળકોને કાનુડાની ઉપમા આપી છે અને તેની સારસંભાળ લેનાર બહેનોને માતા યશોદા કહેલ છે. આજે આપણે તેમનું સન્માન કરવાના છીએ. સમગ્ર વિશ્વ જયારે કોરોના સામે સંઘર્ષ કરી રહ્યું છે. ત્યારે આપણે તેનાથી ડરતા નથી પરંતુ, જીવને કેમ બચાવી શકાય તેવી વ્યવસ્થા સ્થાપી રહ્યા છીએ. હાલ, કોરોના મહામારી સામે ગુજરાતનો રિકવરી રેઈટ ૬૮% થી વધારે અને મૃત્યુ દર ૨.૫% જેટલો નીચો છે. કોરોના સે ઝુકેંગે નહિ, રૂકેંગે નહિ. વિકાસની હરણફાળને આ કોરોનાના સમયમાં પણ અવિરત આગળ વધારી રહ્યા છીએ. આજે સામુહિક હેન્ડ વોશીંગ કેમ્પેઈનએ રાઈટ જોબ ફોર રાઈટ ટાઈમ છે. રાજ્યની ૫ લાખ કરતા વધુ બહેનોએ આ કેમ્પેઈનમાં જોડાઈને વિશ્વ વિક્રમ સ્થાપ્યો છે. કોરોના મહામારીમાં હાથ સાફ કરવા, માસ્ક પહેરવું, તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવું એ જ વેક્સીન છે. આ ત્રણેયનું બાબતોનું ચુસ્ત પણે પાલન થાય એ જરૂરી છે. રાજ્ય સરકારે આ કેમ્પેઈન દ્વારા આજે ગુજરાતના ૬.૫૦ કરોડ લોકોને હાથ સાફ કરવા, માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનો સંદેશો આપ્યો છે. કોરોના સામેની આ લડાઈ બહુ લાંબી ચાલવાની છે. આ સંજોગોમાં ગામડે ગામડે અને લતે લતે જાગૃતિ લાવવી જરૂરી છે. વિશ્વભરમાં સદીમાં એકાદ વખત આવી મહામારી આવે છે. ૧૯૨૦માં સ્પેનિસ ફ્લુ મહામારી આવેલ અને તેનાથી ખૂદ મહાત્મા ગાંધી પણ સંક્રમિત થયેલ હતા. ૨૦૨૦માં કોરોના મહામારી આવી છે અને જગત આખું સંક્રમિત છે ત્યારે આપણે તેની સામેની લડાઈ જરૂર જીતીશું.

સરકાર દ્વારા આજે NITA લોન્ચ કરવામાં આવી છે. તેનાથી રાજ્યભરની આંગણવાડીઓનું મોનીટરીંગ ખુબ સારી રીતે થશે સાથોસાથ આ આંગણવાડીને લગતી જરૂરી વિગતો પણ સહેલીથી ઉપલબ્ધ બનશે. આ આંગણવાડીબહેનોને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. તેઓ કાયમ ફ્રન્ટ લાઈન વોરિયર્સ રહી છે. રાજ્ય સરકાર બહેનો અને બાળકોના ઉત્કર્ષ માટે સતત ચિંતિત છે. સરકાર દ્વારા વહાલી દીકરી યોજના, મહિલા સ્વાવલંબી યોજના વિગેરે અનેક યોજનાઓ અમલમાં આવી. રાજ્યની ૧૦ લાખ બહેનોને સ્વાવલંબી બનાવવાનું કામ શરૂ કર્યું છે. બહેનો સામેના ગુના માટે કડકમાં કડક સજાની જોગવાઈ કરી છે. મહિલા સન્માન, સ્ત્રી દાક્ષિણ્ય આપણી પરંમ્પરા છે. આપણું ગુજરાત ગાંધી, સરદાર અને મોદીનું ગુજરાત છે. સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત, સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા સુત્રોને ચરિતાર્થ કરીએ. આજના આ ઐતિહાસિક પ્રસંગે તમામને અભિનંદન.

આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ વિભાગના માન. મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ જણાવેલ કે, પૂજ્ય બાપુની ૧૫૧ની જન્મજયંતી આખું વિશ્વ માનવી રહ્યું છે ત્યારે આજે પૂજ્ય બાપુની ધરતી ઉપરથી આપ સૌને શુભકામના પાઠવું છું. પૂજ્ય બાપુ કહેતા હતા કે સ્વચ્છતા ત્યાં પ્રભુતા સ્વચ્છતા એ સ્વત્રંત જેટલી જ મહત્વની છે. ત્યારે પૂજ્ય બાપુના સ્વચ્છતાના મંત્રને ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતા અભિયાન મારફતે સામાજિક વ્યાપક અભિયાનનું સ્વરૂપ આપ્યું છે અને તેઓ દ્વારા ૨ જી ઓક્ટોબરને રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ તરીકે વર્ષ ૨૦૧૪માં જાહેર કરવામાં આવ્યું છે. આજે સમગ્ર વિશ્વમાં આ વિરાટ અભિયાન સાકાર બન્યું છે ત્યારે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સરકારના નેતૃત્વ હેઠળ દેશમાં સર્વ પ્રથમ વર્ષ ૨૦૧૭માં ગુજરાત રાજ્યને ખુલ્લામાં શૌચમુક્ત રાજ્ય તરીકે જાહેર કર્યું છે. માન. મુખ્યમંત્રીશ્રીએ સ્વચ્છતા અને પર્યાવરણ જતન સાથેસાથે સર્વાંગી વિકાસના વિચારને અમલમાં મુક્યો અને ગુજરાતને પૂર્ણ ગતિથી ઉત્તમથી સર્વોત્તમ બનાવવા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ જઈ રહ્યા છે. આપણે જાણીએ છીએ કે, કોરોના મહામારીના કપરા કાળમાં સ્વચ્છતા ઉપરાંત હાથ ધોવાની ટેવ પર વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે ત્યારે આ કાર્યક્રમથી લોકોમાં વિશેષ જાગૃત્તિ આવશે. સમગ્ર ગુજરાતમાં આજે લગભગ ૩૮૦ થી વધુ જગ્યાએ આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. રાજ્યમાં લગભગ ૫ લાખથી વધારે બહેનો આ કાર્યક્રમમાં જોડાઈ છે અને ગુજરાતનો એક વિશ્વ વિક્રમ થવા જઈ રહ્યો છે. સુરતની જાણીતી સંસ્થા શક્તિ ફાઉન્ડેશનના સહયોગથી ગુજરાતની લાખો બહેનોને આજે માસ્ક અને સેનીટાઇઝ પેડનો નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. તે બદલ સરકારશ્રી વતી હું શક્તિ ફાઉન્ડેશનનો આભાર બ્યક્ત કરું છું. કોરોના મહામારીના કપરા સમયમાં આંગણવાડીની બહેનોએ ઉત્તમ કામગીરી બજાવીને ૨૫ લાખ જેટલા માસ્કનું વિતરણ કરવામાં આવ્યું. ૫૦ હજારથી વધારે કાર્યકર બહેનોએ ઘર-ઘરની મુલાકત લઈને મોબાઈલમાં આરોગ્ય સેવા સેતુ એપ ડાઉનલોડ કરાવી છે. બાળકોને સુખડી વિતરણ કામગીરી કર્યું એ બદલ આંગણવાડીની બહેનોને અભિનંદન આપું છું. આ ઉપરાંત જીલ્લા કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી કાર્યકતા અને ૧૩ હજાર બહેનોને માતા યશોદા પુરસ્કારથી સન્માન થઇ રહ્યું છે. આજે આંગણવાડી, ઈ-લોકાર્પણ, ઈ-ભૂમિપૂજન માન. મુખ્યમંત્રી કરવાના છે ત્યારે આપણે સૌ સાથે મળીને સ્વચ્છતાની ભાવનાનું પ્રચાર પ્રસાર કરીએ. પૂજ્ય મહાત્મા ગાંધીજીને સાચી શ્રધ્ધાંજલિ આથીને ગુજરાત રાજ્યને કોરોના મુક્તને કુપોષણ મુક્ત બનાવીએ.

આ પ્રસંગે માન.મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ૮૩૫ જેટલા આંગણવાડી, સેજા કચેરી અને બ્લોક ઓફીસના નવનિર્મિત ભવનોનું ઈ-લોકાર્પણ, ઈ-ભૂમિપૂજન તથા (NITA) નંદઘર ઈન્ફોર્મેશન ટ્રેકિંગ એપ્લીકેશનનું ઈ-લોન્ચિંગ, જિલ્લા કક્ષાના માતા યશોદા એવોર્ડ વિતરણ અને ૨જી ઓકટોબર, રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ નિમિત્તે હેન્ડ વોશીંગ કાર્યક્રમના આજના શુભ પ્રસંગે માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપરાંત ઉપસ્થિત તમામ મહાનુભાવો, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કોર્પો.શ્રીઓ, અધિકારીશ્રીઓ, પત્રકાર મિત્રો સહિત સૌનું હું હાર્દિક સ્વાગત કરૂ છું. કોરોના વાયરસની મહામારીમાં દેશભરમાં અને રાજ્યમાં અનેક લોકોને આર્થિક રીતે વિકટ સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. જે માટે રાજ્ય સરકાર દ્વારા આર્થિક નબળા વર્ગના લોકો માટે રાહતો જાહેર કરવામાં આવેલ છે. આ માટે રાજ્ય સરકારશ્રી અભિનંદનને પાત્ર છે.

ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ કાર્યક્રમ અંતર્ગત સુપોષિત ગુજરાત બનાવવા બાળકો, સગર્ભા-ધાત્રીમાતાઓ અને કિશોરીઓના સ્વાસ્થ્ય અને પોષણમાં સુધારો લાવવા માટે નવતર પગલા લેવામાં આવી રહ્યા છે. પોષણ અભિયાનના ૫ સુત્રોને અમલ કરવાના ભાગરૂપે લોકોમાં આરોગ્ય - પોષણ અને સ્વચ્છતા વિશે જાગૃતિ આવે તે માટે કોવિડ-૧૯ના કપરા સમયમાં સોશિયલ ડિસ્ટન્સ સાથે ખાસ વારંવાર હાથ ધોવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે.

કોવિડના સંક્રમણના સમયમાં ૨ ઓકટોબર ૨૦૨૦ - ગાંધી જયંતી નિમિત્તે Gujarat Hand Washing Campaign at Nandnagar ઝુંબેશ રૂપે સ્વચ્છતા બાબતે જનજાગૃતિ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજકોટ મહાનગરપાલિકા અને જીલ્લા માટે જિલ્લા દીઠ એક કાર્યક્રમ અટલ બિહારી વાજપેયી ઓડીટોરીયમ ખાતે મંત્રીશ્રી/મહાનુભાવની હાજરીમાં કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકાના ૩૬૪ આંગણવાડી કેન્દ્રો અને રાજકોટ જીલ્લાના ૧૩૫૩ આંગણવાડી કેન્દ્રો દ્વારા ઘટક દીઠ ૧૨ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નિયત સમયમાં ૧૦૦ લાભાર્થીને પસંદ કરી હાથ ધોવાના Steps દર્શાવતા Hand Washingનાં કાર્યક્રમ મારફત અંદાજીત ૫ લાખથી વધુ લાભાર્થીઓ જોડાઈને સમાજમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા મદદરૂપ થશે. આ કાર્યક્રમ ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ માટે નોમિનેશન કરવામાં આવનાર છે. આ ઉપરાંત બિન સરકારી સંસ્થા શક્તિ ફાઉન્ડેશનના સહયોગથી લાભાર્થીને ૧ માસ્ક, ૩ સેનેટરી પેડ, ૧ લિક્વિડ સાબુની બોટલ સહિતની કીટ તથા પ્રમાણપત્ર આપવામાં આવશે.

ગુજરાતમાં લગભગ તમામ ક્ષેત્રો માટે કોઈ ને કોઈ યોજનાની ભેંટ આપી ચૂકેલા માન મુખ્યમંત્રીશ્રીએ સૌની કાળજી લઈ પોતાની સંવેદનશીલતા દર્શાવી છે અને એ માટે આપણે સૌ તેમના પ્રત્યે ખૂબ જ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

સરકારશ્રીની આ યોજનાના સફળ અમલી--કરણ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વધુમાં વધુ બાળકો, સગર્ભા-ધાત્રીમાતાઓ અને કિશોરીઓના સ્વાસ્થ્ય અને પોષણમાં સુધારો લાવવાનો લાભ મળે તેવી શુભેચ્છા પાઠવું છું.

આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડે જણાવેલ કે, આજે દેશ અને દુનિયામાં મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મ જયંતી મનાવાઈ રહી છે ત્યારે રાજ્ય સરકારના સહયોગથી રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ જીલ્લા પંચયાત દ્વારા કુપોષિત બાળકો, સામુહિક હેન્ડ વોશીંગ તથા લોકાર્પણ અને ખાતમુહૂર્તના ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે. રાજકોટ અને મહાત્મા ગાંધીનો અનેરો સંબંધ છે. તેમનું બાળપણ રાજકોટમાં વીત્યું છે. પ્રાથમિક શિક્ષણ કિશોરસિંહજી સ્કુલ તથા માધ્યમિક શિક્ષણ આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં લીધેલ. આપણા વડાપ્રધાન તથા મુખ્યમંત્રીશ્રીએ અંગત રસ લઈને ૨૫ કરોડથી વધારે ખર્ચથી રાજકોટને મહાત્મા ગાંધી મ્યુઝિયમની ભેટ આપી છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી એક એવું નેતૃત્વ છે કે જે કોઈપણ પ્રકારની સમસ્યા કે આફતમાં વધુ ખીલી ઉઠે છે. વર્તમાન કોરોના મહામારીમાં તેમણે ખુબ સારું નેતૃત્વ પૂરું પાડ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના તામામ અધિકારીઓ તથા કર્મચારીઓ આ મહામારીનો પૂરી તાકાતની સામનો કરી રહ્યા છે ત્યારે આપણે બધા આ મહામારીમાંથી બંને તેટલા જલ્દી બહાર આવીએ તેવી શુભેચ્છા પાઠવું છું.

રાજ્ય કક્ષાના આ કાર્યક્રમમાં ગાંધીનગર ખાતે સ્વાગત પ્રવચન મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સચિવશ્રી મનીષા ચંદ્રા દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે આભાર દર્શન ICDS વિભાગના નિયામકશ્રી અશોક શર્માએ કરેલ હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌને પોષણ અંગેના શપથ લેવડાવવામાં આવેલ. રાજકોટ ખાતે સ્વાગત પ્રવચન મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા કરવામાં આવેલ હતું. જ્યારે પ્રાસંગિક ઉદ્‌બોધન જીલ્લા વિકાસ અધિકારી અને ઈ.ચા કલેકટર અનિલ રાણાવસિયાએ કરેલ હતું. કાર્યક્રમની શરૂઆત પોષણ આરતીથી કરવામાં આવી હતી અને બાદમાં હેન્ડ વોશીંગનું નિદર્શન કરવામાં આવેલ હતું તથા રાજ્ય સરકાર દ્વારા ચાલતી મહિલા તથા બાળકો અંગેની પ્રવૃત્તિની વિડીયો ઝલક દર્શાવવામાં આવી હતી.

ઉપસ્થિત તમામ મહાનુભાવોના વરદ્ હસ્તે બહેનોને કીટ વિતરણ તથા સહભાગી પ્રમાણપત્ર વિતરણ તેમજ માતા યશોદા એવોર્ડ વિતરણ તથા પુરસ્કારના ચેક અર્પણ કરવામાં આવેલ.














# ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટ આધારિત આયોજન માટે રાજકોટ મહાનગરપાલિકાને 7th IGBC ગ્રીન ચેમ્પિયન એવોર્ડ એનાયતઃ

## Government organization leading the green affordable housing movement in India કેટેગરીમાં મળ્યો એવોર્ડ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આવાસ યોજનાઓમાં ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટને આધારિત આયોજન કરવામાં આવેલ છે. ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ (IGBC) દ્વારા દેશભરમાં પ્રથમ એવા રાજકોટ મહાનગરપાલિકાની ઉપરોક્ત સરાહનીય કામગીરી તેમજ પહેલ માટે ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ (IGBC) દ્વારા Government organization leading the green affordable housing movement in India કેટેગરી અંતર્ગત 7th IGBC ગ્રીન ચેમ્પિયન એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. સદરહુ એવોર્ડ IGBC લીડરશીપ એવોર્ડ પ્રોગ્રામ તા.૩૧-૧૦-૨૦૨૦ના રોજ ઓનલાઈન એનાયત કરવામાં આવનાર છે, તેમ માન. મેયર શ્રીબિનાબેન આચાર્ય, ડે. મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટે. કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું, તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અપનાવવામાં આવેલા ગ્રીન બિલ્ડિંગ કન્સેપ્ટને રાષ્ટ્રીય સ્તરે ગૌરવ મળી રહ્યું છે તે પ્રકારના આયોજન માટે હાઉસિંગ સહિતના વિવિધ પ્રોજેક્ટસની જવાબદારી વહન કરી રહેલા સિટી એન્જીનીયર સ્પે. શ્રી અલ્પનાબેન મિત્રા અને તેમના વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રેઓની જહેમતને બિરદાવી તેઓને અભિનંદન પણ પાઠવ્યા હતાં. ગુજરાત રાજ્ય એ રાષ્ટ્રનું ઝડપથી વિકાસ કરતું રાજ્ય છે. જેથી વિકાસની અને શહેરીકરણની આ પ્રક્રિયા સાથે એફોર્ડેબલ હાઉસિંગની માંગમાં વધારો થાય છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવી કે વામ્બે, BSUP, રાજીવ આવાસ યોજના, મુખ્યમંત્રી ગૃહ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, PPP આવાસ યોજના વિગેરે અંતર્ગત અત્યાર સુધીમાં આશરે ૨૫000 થી વધુ જેટલા આવાસોની કામગીરી પૂર્ણ કરીને લાભાર્થીઓને સોપવામાં આવેલ છે અને આશરે ૧0000 થી વધુ આવાસોની કામગીરી પ્રગતિમાં છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આવાસ યોજનાઓમાં ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટને આધારિત આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો દ્વારા આપવામાં આવેલ સુચના અન્વયે બિલ્ડીંગ ડીઝાઈનના ફીચર્સમાં ટેકનીકલ ફેરફાર કરીને ઘરના અંદરનું તાપમાન 30 થી ૩૧ ડીગ્રી વચ્ચે રહે તે મુજબ સ્થાનિકે કામગીરી કરાવવામાં આવી રહેલ છે. જેમાં કેવીટીવોલ, ઓપનેબલ બારી-દરવાજાની વ્યવસ્થા, વેન્ટીલેશન શાફ્ટ વિગેરે સામેલ છે. તેમજ ગ્રીન બિલ્ડીંગના પ્રિન્સિપલ્સને ધ્યાને રાખીને ઉર્જાના સામાન્ય ઉપયોગ માટે સોલાર PV સીસ્ટમ, વરસાદી પાણીના બચાવ માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગ વિગેરેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ ચણતર માટે અઅઈ બ્લોકસનો ઉપયોગ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સુવિધાઓને ધ્યાને રાખતા સ્માર્ટઘર ૩ પ્રોજેક્ટ માટે GRIHA (Green Rating for Integrated Habitat Assessment) દ્વારા ગ્રીન બિલ્ડીંગ સર્ટીફીકેટ પાઠવવામાં આવેલ છે. આ ઉપરાંત નવી બનનાર શાળાઓ અને લાઈબ્રેરીઓમાં પણ ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટના આધારે આયોજન કરી કામગીરી કરાવવામાં આવે છે.

ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ (IGBC) દ્વારા જુદી-જુદી ૭ કેટેગરીમાં એવોર્ડ નોમીનેશન કરવામાં આવે છે. જે પૈકી Government organization leading the green affordable housing movement in India કેટેગરીમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા-જુદા ૧૫ પ્રોજેક્ટ્સ માટે ગ્રીન બિલ્ડીંગ સર્ટીફીકેશન માટે અરજી કરેલ છે. જે માટે જરૂરી તમામ પરિબળો પૂર્ણ કરવામાં આવી રહેલ છે. સદરહુ પરીબળોના કારણે કાર્બન ઉત્સર્જન ઘટાડી શકાય તેમજ આવાસોના લાભાર્થીઓને આરોગ્ય પ્રદ વાતાવરણ મળી રહે તે પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે.

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ

# ઈન્ડિયા સાઈકલ ફોર ચેન્જ ચેલેન્જ અંતર્ગત મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે કરેલ અપીલનો અધિકારીઓ /કર્મચારીઓ દ્વારા બહોળો પ્રતિસાદ

## કમિશનર બ્રાન્ચના એક કર્મચારી પાંચ કી.મી. ચાલીને ઓફિસે આવતા મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે બિરદાવ્યા



રાજકોટ શહેરને સાયકલ ફ્રેન્ડલી બનાવવા અનેનાગરિકોને સાયકલનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવાના ઉદેશ્યથી સ્માર્ટ સીટીઝ મિશન દ્વારા ઈન્ડિયા સાયકલ ફોર ચેન્જ ચેલેન્જની શરૂઆત કરવામાં આવેલ છે. આ ચેલેન્જમાં રાજકોટ સહીત ૯૫ શહેરોએ ભાગ લીધેલ છે. શહેરમાં સાયકલિંગને પ્રોત્સાહન મળે, પ્રદુષણમાં ઘટાડો થાય તેમજ ટ્રાફિકની સમસ્યા હળવી બને તે માટે રાજકોટ મહાનગરપાલિકા વિવિધ પગલાઓ લઈ રહ્યું છે, જે અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાના તમામ અધિકારીઓ / કર્મચારીઓ હવેથી દર શુક્રવારે ઓફિસે આવવા–જવા માટે પોતાના ટુ વ્હીકલ કે ફોર વ્હીકલનો ઉપયોગ ન કરાતા સાયકલ, પૈદલ કે માસ ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરે તે અંગે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે અપીલ કરેલ હતી જેનો મનપાના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા બહોળો પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો, તેમજ કમિશનર બ્રાન્ચના એક કર્મચારી શ્રી ભાવેશભાઈ કારેલીયા પોતાના ઘરેથી ઓફિસ સુધીનું અંતર પાંચ કી.મી. ચાલીને આવતા મ્યુનિ. કમિશનરશ્રીએ તેમને બિરદાવ્યા હતા.

આજે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ સહીત નાયબ મ્યુનિ. કમિશનરશ્રી બી. જી. પ્રજાપતિ, શ્રી એ. આર. સિંઘ, શ્રી સી. કે. નંદાણી તેમજ ત્રણેય ઝોનના અધિકારીઓ અને કર્મચારીઓ સાયકલિંગ કરીને ઓફીસ આવ્યા હતા તેમજ ફિલ્ડમાં પણ સાયકલ લઈને કામગીરી કરી હતી.

મ્યુનિ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સાયકલએ ટ્રાન્સપોર્ટેશન માટેના એક સારા વિકલ્પની ઉપલબ્ધિ છે, પર્યાવરણના સંરક્ષણ માટે તેમજ તંદુરસ્ત આરોગ્ય પ્રાપ્ત કરવામાં ઉપયોગી થાય છે.

હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીએ જોઈએ ટી શરીરને તંદુરસ્ત રાખવું ખુબ જરૂરી છે, શહેરના તમામ લોકો સાયકલનો વધુ પડતો ઉપયોગ કરે જેના માટે સરકારશ્રી દ્વારા સાયકલ ખરીદી પર સબસીડી પણ આપવામાં આવે છે. સાયકલિંગ કરવાથી જીવન રેખા બદલી શકાય છે. સિટીમાં સાયકલનો ઉપયોગ કરવાથી પ્રદુષણ થતું અટકાવી શકાય છે. ટ્રાફિકની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય છે. પોતાનું સ્વાસ્થ્ય પણ તંદુરસ્ત રહે છે.

મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓને મ્યુનિ. કમિશનરશ્રીએ અપીલ કરી હતી કે, સપ્તાહમાં એક દિવસ શુક્રવારે ઘરેથી ઓફીસ આવવા – જવા માટે પોતાના વાહનોને બદલે સાયકલ અથવા પૈદલ કે સિટી બસનો ઉપયોગ કરીએ. કર્મચારીઓને અપીલ કરાતાની સાથે મ્યુનિ, કમિશનરશ્રી શરૂઆત પોતાનાથી જ કરેલ હતી. આજે સવારે ૧૦:30 વાગ્યે પોતાના નિવાસસ્થાને થી સેન્ટ્રલ ઝોન ઓફીસ સુધી સાયકલિંગ કરીને આવ્યા બાદ પોતાની કામગીરીની શરૂઆત કરી હતી.

મ્યુનિ. કમિશનરશ્રીની અપીલનો અધિકારીઓ / કર્મચારીઓમાં બહોળો પ્રતિસાદ મળ્યો હતી. સપ્તાહમાં એક દિવસ સાયકલ લઈને ઓફીસ આવવું, ફિલ્ડમાં કામગીરી કરવા જવું વિગેરે જેવી કામગીરી માટે પોતાના ટુ વ્હીકલનો ઉપયોગ ન કરાતા સાયકલનો ઉપયોગ કરીને કામગીરી કરી હતી.

ટ્રાન્સ્પોર્ટેશન માટેનો એક સારો વિકલ્પ, પર્યાવરણના સંરક્ષણમાં ઉપયોગી થાય અને સાઈકલિંગ કરનારનું આરોગ્ય સારું રહે તે માટે અનેક ફાયદાઓ સાઈકલિંગથી મળશે.

# શહેરીજનોમાં કોરોના અંગે સ્વયં જાગૃતિઃ સ્વયં સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી વહેલી સવારે ગાર્ડનની મજા માણતા વરિષ્ઠ નાગરિકોઃ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

## પ્રકૃતિ અને સોંદર્યનો આનંદ માણવાની સાથે સ્વાસ્થ્યની પણ કાળજી રાખતા શહેરીજનો




રાજકોટ મહાનગરપાલિકાના મુખ્ય બાગ–બગીચાઓ તા.૧૫–૧૦–૨૦૨૦ ના રોજથી નિયત કરાયેલ શરતો અને નિયમોને આધીન ખુલ્લા મુકવામાં આવ્યા છે. જેમાં આજે વહેલી સવારે શહેરના વરિષ્ઠ નાગરિકોમાં કોરોના અંગે જાગૃતતા જોવા મળી હતી. ગાર્ડનમાં પ્રકૃતિ અને સોંદર્યનો આનંદ માણવાની સાથે સોશિયલ ડિસ્ટન્સનું પણ પાલન કરાતા જણાય હતા તેમ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે વિનંતી કરી છે.

મ્યુનિ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું હતું કે, લોકોમાં કોરોના અંગે જાગૃતતા જોવા મળી હતી. ઘણા સમય બાદ બાગ બગીચા ખુલતા લોકોમાં કુદરતી સોંદર્યનો આનંદ લેવા આતુર હતા સાથોસાથ કોરોના સામેની રાજકોટ મહાનગરપાલિકાની બાગ–બગીચાની ગાઈડલાઈનનું પણ પાલન કરાતા જોવા મળ્યા હતા. આજે સવારે ગાર્ડન ખુલતાની સાથે જ સોશિયલ ડિસ્ટન્સ જાળવી એક બીજાથી અંતર રાખી વાર્તાલાપ કરાતા જણાયા હતા. લોકો કોરોના સામે સાવચેતી રાખી રહ્યા છે તેનું આ ઉમદા ઉદાહરણ છે. રાજકોટને કોરોના મુક્ત બનાવવા સૌ સાથે મળીને કામગીરી કરીએ. કોરોના સંક્રમણની ચેઈનને તોડી કોરોનાને જડમૂળમાંથી નાબુદ કરીએ. લોકો સ્વયં પોતાની કાળજી રાખશે ત્યારે જ અન્યને ચેપ લાગતો અટકાવી શકાશે.

શહેરમાં કાલથી મુખ્ય બાગ–બગીચા ખુલ્લા મુકવામાં આવશે જેમાં રેસકોર્ષ સંકુલ, આજી ડેમ બગીચા, ચંદ્રશેખર આઝાદ ઉદ્યાન, શહીદ વીર ભગતસિંહ ઉદ્યાન, મંગલ પાંડે ઉદ્યાન અને સામેનો બગીચો, લાલબહાદુર શાસ્ત્રી ઉદ્યાન, ન્યુ બાલ મુકુન્દ ઉદ્યાન, તાત્યાટોપે ઉદ્યાન, દીપ્તિનગર ઉદ્યાન, શ્રધ્ધા સોસાયટી ગાર્ડન, જ્યુબિલી બાગ, થીમ પાર્ક બજરંગ વાડી, જનતા બાગ, શ્યામજી કૃષ્ણ વર્મા ઉદ્યાન, મધુવન પાર્ક, ગુરુદેવ પાર્ક, ગ્રીનલેન્ડ ચોકડી પાસે, ગુજરાત હાઉસિંગ બોર્ડ ૧, ૨ બગીચા, માલવિયાનગર, કૃષ્ણનગર બગીચા અને નારાયણ નગરનો સમાવેશ થાય છે.

(૧) આ બગીચાઓ વિગેરે જાહેર સ્થળ હોય, સોશ્યલ ડીસ્ટન્સીંગના ચુસ્તપણે પાલન તેમજ માસ્કનો ફરજીયાત પણે ઉપયોગ કરવાનો રહેશે. સેલ્ફ સેનિટાઈઝેનનો ઉપયોગ હિતાવહ છે. તેમજ કોવિડ–૧૯ની ગાઈડ લાઈન્સનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૨) આ બગીચાઓ જાહેર સ્થળ હોય, તેનો સમય સવારે ૦૬:૦૦ થી ૧૨:૦૦ તથા બપોરે ૦૩:૦૦ થી સાંજના ૦૭:૦૦ સુધીના રહેશે.

(૩) બગીચાઓ વિગેરેમાં હાલની સ્થિતીમાં ૬૫ વર્ષથી વધુ અને ૧૦ વર્ષથી ઓછી ઉંમર વાળા પ્રવેશ ન કરે. સાથોસાથ અન્ય નાગરિકો બગીચા વિસ્તારના બાકડા તેમજ સાધનોનો ઉપયોગ ન કરે તેવી અપિલ.

(૪) બગીચા વિસ્તારમાં સમૂહમાં ભેગુ થવુ, સમુહમાં બેસવુ કે ચાલવુ નહી. ફરવા આવતા નાગરિકોને એક માર્ગિય રસ્તાનો ઉપયોગ કરવા અપિલ છે.

(૫) આ બગીચાઓ વિગેરે જાહેર સ્થળ હોય, જાહેરમાં થુકવું, પાન, ફાકી, માવાના સેવન અને ધુમ્રપાન કરવું, ખાધ્ય પદાર્થો તેમજ પાલતું પ્રાણીઓ લાવવા તેમજ જાહેરમાં ગંદકી કરવી, ફેરીયા કે દુકાનદારો એક યા બીજી રીતે સામન વેંચી કે વેંચાવી શકશે નહીં. આવુ માલુમ થયે દંડનિય કાર્યવાહી / વહિવટી ચાર્જ વસુલાત કરવામાં આવશે.

ઉપરોક્ત નિયમો, શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને દરેક નાગરિકોએ સ્વયંભુ આ બાબતોએ શિસ્ત જાળવવાનું રહેશે. અન્યથા દંડનિય કાર્યવાહી કરવાની ફરજ પડશે જે અંગેની આ જગ્યામાં ફરવા આવતા નાગરિકોએ નોંધ લેવી. સર્વ ભવંતુ સુખીનઃ સર્વ સંતું નિરામય...!!!

ઈ-ન્યુઝલેટર
સ્માર્ટ રાજકોટ




# ત્રિકોણ બાગ ખાતે ટેસ્ટિંગ બુથનું ઉદ્‌ઘાટન માન. મેયરશ્રી બિનાબેન આચાર્યના વરદ્ હસ્તે

## શહેરના ૧૧ મુખ્ય જાહેર સ્થળોએ ટેસ્ટીંગ બુથની શરૂઆત

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં કોરોના વાઈરસ સામે યુધ્ધના ધોરણે કામગીરી થઇ રહી છે. રાજકોટ મહાનગરપાલિકાએ શહેરીજનો માટે ઘર આંગણે સેવા મળી રહે તેવી વ્યવસ્થા કરી છે. લોકોએ કોરોનાથી ડરવાની જરૂર નથી. લોકોને સમાન્ય લક્ષણો જેવા કે શરદી, ઉધરસ, તાવ કે શ્વાસ લેવામાં તકલીફ પડે તો તુર્ત જ રાજકોટ મહાનગરપાલિકાની સેવાનો લઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. અવિરત કામગીરીમાં વધુ એક ઉમદા સેવા શરૂ કરવામાં આવી છે, શહેરના ૧૧ મુખ્ય જાહેર સ્થળોએ ટેસ્ટીંગ બુથ શરૂ કરવામાં આવ્યા છે, જ્યા લોકોને વિનામુલ્યે એન્ટીજન ટેસ્ટ કરી આપવામાં આવશે. જેમાં તા.૫–૧૦–૨૦૨૦ ને સોમવારે સવારે ૧૦:૩૦ કલાકે ત્રિકોણ બાગ ખાતે એક ટેસ્ટિંગ બુથનું ઉદ્‌ઘાટન માન. મેયરશ્રી બિનાબેન આચાર્યના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. જેમાં ડેપ્યુટી મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી, આરોગ્ય અધિકારીશ્રી ડૉ. લલીત વાંજા, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડૉ. પંકજ રાઠોડ તેમજ સાંસ્કૃતિક વિભાગના આસી. મેનેજરશ્રી અમિત ચોલેરા ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના જે ૧૧ સ્થળોએ ટેસ્ટીંગ બુથ શરૂ કરવામાં આવ્યા છે જેમાં (૧) રેસકોર્ષ – સાયકલ સેરીંગ કિશાનપરા, (૨) કે.કે.વી. ચોક – અન્ડર બ્રિજની નીચે, (૩) ત્રિકોણબાગ – ત્રિકોણીય ગણપતિ થાય ત્યાં, (૪) રૈયા ચોકડી – અન્ડર બ્રિજની નીચે, (૫) કોર્પોરેશન ઓફીસ સેન્ટ્રલ ઝોન – પત્રકાર પાર્કિંગની જગ્યાએ, (૬) લાખાજીરાજ માર્કેટ – માર્કેટની અંદર, (૭) પેલેસ રોડ – દશાશ્રીમાળી પોલીસ ચોકી સામે, (૮) બાલક હનુમાનજી મંદિર – મંદિરની બાજુમાં, (૯) પારેવડી ચોક, (૧૦) કોઠારીયા સોલવન્ટ – નારાયણનગર કન્યા શાળા ગ્રાઉન્ડ અને (૧૧) રસુલપરા – ઝમઝમ ચોક, સેજલબેનની આંગણવાડી પાસે, હુસેની ચોક સ્થળોએ શરૂ કરવામાં આવેલ છે. જ્યાં રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાની ટીમ દ્વારા સવારે ૦૯:૦૦ વાગ્યા થી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધી ટેસ્ટીંગની કામગીરી કરવામાં આવશે.

આ પ્રસંગે મેયરશ્રીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, શહેરના મુખ્ય ૧૧ સ્થળોએ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટેસ્ટીંગ બુથની શરૂઆત કરવામાં આવી છે. જ્યાં લોકોને વિનામુલ્યે કોરોના અંગેનો એન્ટીજન ટેસ્ટ તેમજ તેમના શરીરનું ટેમ્પરેચર અને ઓક્સિજન લેવલ ચેકઅપ કરી આપવામાં આવશે. લોકો પોતાની સલામતી અને સ્વાસ્થ્ય માટે એન્ટીજન ટેસ્ટ કરાવે અને વહેલી સારવાર મેળવે તે માટે મહાનગરપાલિકાએ આ વ્યવસ્થા કરી છે.

મ્યુનિ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, શહેરના ૧૧ મુખ્ય સ્થળોએ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટેસ્ટીંગ બુથ શરૂ આવ્યા છે, જ્યાંથી લોકોની અવર જવર થતી હોય અને લોકોને ટેસ્ટીંગ માટે સરળતાથી સ્થળ મળી શકે તેવા આશયથી ટેસ્ટીંગ બુથ શરૂ કરવામાં આવ્યા છે. વધુને વધુ લોકો પોતાનું ટેસ્ટીંગ કરાવે અને કોરોનાનું નિદાન કરાવી પોતાનું અને પોતાના પરિવારનું રક્ષણ કરે. કોરોનાની ચેઈન તોડવા માટે રાજકોટ મહાનગરપાલિકાનું વધુ એક ઉમદા આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મહાનગરપાલિકાના તમામ આરોગ્ય કેન્દ્ર, ધનવંતરી રથ અને ૧૦૪ સેવા રથ દ્વારા પણ એન્ટીજન ટેસ્ટીંગ કરી આપવામાં આવે છે.

પ્રાથમિક તબક્કામાં કોરોના સામે સારવાર મળી રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિનામુલ્યે ટેસ્ટીંગ કરી નિદાન કરવાનું આયોજન કરેલ છે. હાલ કોરોના સામે રક્ષણ મેળવવા માસ્ક પહેરવું – સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અગત્યનું છે.




## હોટલ, હોસ્પિટલ, સ્કુલ, રેસીડેન્ટ વેલફેર એસો./મોહલા, માર્કેટ એસો. માટે સ્વચ્છતા રેન્કિંગનું આયોજન

રાજકોટ શહેરના તમામ હોટેલ સંચાલકો, તમામ હોસ્પિટલ, તમામ સ્કૂલ સંચાલકો, તમામ રેસિડન્સ વેલ્ફેર એસોસીએશન / મોહલ્લાના, પ્રમુખ માર્કેટ એસોસિએશન, તમામ સરકરી કચેરીને આપી જાણ કરવામાં આવે છે કે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૦ રેન્કિંગમાં ભારતભરમાં રાજકોટ છઠ્ઠા (૬) નંબરે સ્વચ્છ શહેર જાહેર થયેલ છે. તથા ગાર્બેજ ફ્રી સીટી સ્ટાર રેટીંગ સ્ટેટ્સમાં ૫ સ્ટાર મળેલ છે અને રાજકોટ શહેર ODF++ જાહેર થયેલ છે. જે અન્વયે આગામી સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૧ ને ધ્યાને લઈને સમાજમાં સ્વચ્છતા અંગે જાગૃત્તિ કેળવવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વરછ હોટલ, સ્વચ્છ હોસ્પિટલ, સ્વચ્છ સ્કૂલ, સ્વચ્છ રેસિડન્સ વેલ્ફેર એસોસિએશન / મોહલ્લા, સ્વચ્છ સરકારી ઓફિસ તથા સ્વચ્છ માર્કેટ એસોસિએશન માટે સ્વચ્છતા રેન્કિંગનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્વચ્છતા રેન્કિંગમાં ભાગ લેનારને સ્વચ્છતાના જુદા જુદા પેરામીટર્સ જેમ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સર્વિસ મેન્ટેનન્સ અને લોકોના ફીડબેક ઉપર દરેક કેટેગરીમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવશે. આ સ્વચ્છતા રેન્કિંગમાં ભાગ લેવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in ઉપરથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

નિયમો :–

૧) આ સ્વચ્છતા રેન્કિંગ ઓક્ટોબર ૨૦૨૦થી નવેમ્બર ૨૦૨૦ સુધી એક(૧) જ વખતની સ્પર્ધા રહેશે
૨) ભાગ લેનાર દરેક સંસ્થા www.swchhmanch.in પર પોતાની સંસ્થા ના નામે ઈવેન્ટ બનાવવાની રહેશે તથા વધારેમાં વધારે લોકેને volunteer કરવાના રહેશે (જે એક માર્કિંગ સીસ્ટમનો ભાગ રહેશે)
૩) સ્વચ્છતા જાગૃતિ અંગેના બેનર તથા હોર્ડિંગ્સ લગાવવાના રહેશે તેમાં સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૨૧નો લોગો ફરજીયાત લગાવવાનો રહેશે. (સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૨૧ નો લોગો પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ (IEC સેલ) પ્રથમ માળ રૂમ નં. ૭, ઢેબર રોડ, સેન્ટ્રલ ઝોન, રાજકોટ મહાનગરપાલિકા ફોન ૨૨૨૮૧૭૭ પરથી મળી રહેશે e-mail : ieccellrmcgmail.com દ્વારા સંપર્ક કરવો.)
૪) આ સ્વચ્છતા રેન્કિંગ સ્પર્ધાનો આખરી નિર્ણય મ્યુનિસિપલ કમિશનર અને નાયબ મ્યુનિસિપલ કમિશનર હસ્તગત SWM કમિટીનો રહેશે. જે દરેક ભાગ લેનાર સંસ્થાઓને બંધનકર્તા રહેશે.
૫) ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી મુદત તા.૧૫–૧૦–૨૦૨૦ રહેશે.






# સિવિલ હોસ્પિટલ ટ્રાયએન્ગ્યુંલર ફ્લાયઓવર બ્રિજના ચાલુ પ્રોજેક્ટની મુલાકાત અને સમીક્ષા કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

## સર્વિસ રોડ તાત્કાલિક પૂર્ણ કરવા અને યુટીલીટી સેવા (PGVCL, GSPC, RSCDL, Mobile Operator)ઓ તાત્કાલિક શિફ્ટ કરવા મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલની સુચના

રાજકોટને સ્માર્ટ અને વિકાસ તરફ વેગવંતુ બનાવવા હાથ ધરવામાં આવી રહેલા વિવિધ પ્રોજેક્ટમાં શહેરમાં સરળ પરિવહન માટેના પ્રોજેક્ટનો પણ સમાવેશ આપી રહ્યો છે. ટ્રાફિકની સમસ્યાનો ક્રમશઃ ઉકેલ આવે તે માટે શહેરમાં વિવિધ મહત્વપૂર્ણ ટ્રાફિક જંકશન ખાતે અન્ડરબ્રીજ કે ઓવરબ્રિજના પ્રોજેક્ટ આગળ ધપી રહ્યા છે. મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે ગઈકાલે સવારે મહત્વપૂર્ણ બે પ્રોજેક્ટ એવા લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રીજ અને આમ્રપાલી રેલ્વે ફાટક ખાતેના અન્ડરબ્રીજ પ્રોજેક્ટની મુલાકાત કર્યા બાદ ગઈકાલે સાંજે ૦૪:૦૦ વાગ્યે અન્ય એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ સિવિલ હોસ્પિટલ ટ્રાયએન્ગ્યુંલર ફ્લાયઓવર બ્રિજના ચાલુ પ્રોજેક્ટની મુલાકાત અને સમીક્ષા કરી હતી. આ કામગીરી સમયસર અને ઝડપી પૂર્ણ થાય તે માટે એજન્સી અને કન્સલ્ટન્ટીંગના પ્રતિનિધિશ્રીઓને સુચના આપી હતી. જેમાં મ્યુનિ. કમિશનરશ્રી સાથે નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી, પી.એ. (ટેક.) ટુ શ્રી રસિક રૈયાણી, સિટી એન્જી. શ્રી કે.એસ.ગોહેલ, શ્રી એચ. એમ. કોટક, ડે. એક્સી. એન્જી. શ્રી કુંતેશ મહેતા, શ્રી પટેલીયા, શ્રી મહેશ જોષી, શ્રી એમ. આર. શ્રીવાસ્તવ, આસી. એન્જી. શ્રી ધીરેન કાપડિયા, શ્રી રૂપાપરા ઉપસ્થિત રહ્યા હતા.

સિવિલ હોસ્પિટલ ટ્રાયએન્ગ્યુંલર ફ્લાયઓવર બ્રિજના ચાલુ પ્રોજેક્ટની મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રી સંપૂર્ણ પ્રોજેક્ટના પ્રોગ્રેસીવ રીપોર્ટ નિહાળ્યા હતા. સિવિલ હોસ્પિટલ ખાતેનો વિસ્તાર ટ્રાફિક વાળો અને વાહનોની અવર–જવર વાળો હોવાથી સંલગ્ન એજન્સી અને કન્સલ્ટન્ટીંગ પ્રતિનિધિને સર્વિસ રોડ તાત્કાલિક પૂર્ણ કરવા સુચના આપી હતી. ત્યારબાદ કામગીરી સ્થળ પરથી યુટીલીટી સેવા (PGVCL, GSPC, RSCDL, Mobile Operator)ઓ શિફ્ટ કરવા માટે જે–તે સંસ્થા સાથે સંપર્ક કરી તાત્કાલિક શિફ્ટ કરાવવા અને જો અન્ય નવી યુટીલીટી સેવા નાખવાની થતી હોય તો બ્રિજની કામગીરી શરૂ થતા કે પૂર્ણ થતા પહેલા નાખવા પણ સુચના આપવામાં આવી હતી.

સિવિલ હોસ્પિટલ ટ્રાયએન્ગ્યુંલર ફ્લાયઓવર બ્રિજમાં ફોરલેન ફ્લાય ઓવર બ્રિજ, સર્વિસ રોડની પહોળાઈ ૦૬.૦૦ મીટર બંને બાજુ, બંને તરફ ફૂટપાથની ૦.૯૦ મીટર પહોળાઈ તેમજ જવાહર રોડ, જામનગર રોડ અને કુવાડવા રોડ સાઈડ આવશ્યક બ્રિજની લંબાઈ સાથેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. તેમજ આ બ્રિજ અંદાજીત ૮૪.૭૧ કરોડમાં બનાવવામાં આવી રહ્યો છે અને જેનો અંદાજીત બે વર્ષની મુદ્દતમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન.

# લક્ષ્મીનગર રેલ્વે,આમ્રપાલી અન્ડરબ્રીજના ચાલુ પ્રોજેક્ટની મુલાકાત અને સમીક્ષા કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

## લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રીજને કાલાવડ રોડ અન્ડરબ્રીજ જેવો જ બનાવવા કામગીરી ચાલુ :

## જુન - ૨૦૨૧ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન :





રાજકોટને સ્માર્ટ અને વિકાસ તરફ વેગવંતુ બનાવવા હાથ ધરવામાં આવી રહેલા વિવિધ પ્રોજેક્ટમાં શહેરમાં સરળ પરિવહન માટેના પ્રોજેક્ટનો પણ સમાવેશ આપી રહ્યો છે. ટ્રાફિકની સમસ્યાનો ક્રમશઃ ઉકેલ આવે તે માટે શહેરમાં વિવિધ મહત્વપૂર્ણ ટ્રાફિક જંકશન ખાતે અન્ડરબ્રીજ કે ઓવરબ્રિજના પ્રોજેક્ટ આગળ ધપી રહ્યા છે. આ પૈકી મહત્વપૂર્ણ બે પ્રોજેક્ટ એવા લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રીજ અને આમ્રપાલી રેલ્વે ફાટક ખાતેના અન્ડરબ્રીજ પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી સમયસર અને ઝડપી પૂર્ણ થાય તે માટે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે આજે બંને સ્થળોની મુલાકાત લઈ કાર્ય પ્રગતિની સમીક્ષા કરી હતી. કોરોનાકાળ સમયમાં પણ અન્ય કામગીરીને વેગ મળે અને ચાલુ પ્રોજેક્ટને ઝડપથી પૂર્ણ કરવા અંગે સુચના આપી હતી. તા.૨૨–૧૦–૨૦૨૦ના રોજ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલએ લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રીજ, આમ્રપાલી ફાટક – રૈયા રોડ ખાતેના ચાલુ પ્રોજેક્ટની મુલાકાત કરી હતી. જેમાં મ્યુનિ. કમિશનરશ્રી સાથે નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી, પી.એ. (ટેક.) ટુ શ્રી રસિક રૈયાણી, સિટી એન્જી. શ્રી કે.એસ.ગોહેલ, શ્રી એચ. એમ. કોટક, ડે. એક્સી. એન્જી. શ્રી કુંતેશ મહેતા, શ્રી પટેલીયા, શ્રી મહેશ જોષી, આસી. એન્જી. શ્રી ધીરેન કાપડિયા ઉપસ્થિત રહ્યા હતા.

લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રીજની મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રી જણાવ્યું હતું કે, કાલાવડ રોડ રેલ્વે અન્ડરબ્રીજ જેવો જ આ લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રીજ બનાવવામાં આવશે. જેમાં સાયકલ ટ્રેક, પેડેસ્ટલ ટ્રેક, લાઈટીંગ, ૭.૫ મીટરનો કેરેજ–વે જેવી સુવિધાઓ કરવામાં આવશે. જે અંદાજીત ૨૦ કરોડમાં બનાવવામાં આવી રહ્યો છે અને આ પ્રોજેક્ટ પર કામગીરી કરનાર જય જવાન કન્સ્ટ્રકશન કંપની ને જુન – ૨૦૨૧ સુધીમાં અન્ડરબ્રીજની કામગીરી પૂર્ણ કરવાની સુચના આપવામાં આવી હતી. ઉપરાંત સંપૂર્ણ પ્રોજેક્ટનો પ્રોગ્રેસ રીવ્યુ રીપોર્ટ નિહાળ્યો હતી અને કામગીરીની સમીક્ષા કરી હતી.

આમ્રપાલી રેલ્વે અન્ડરબ્રીજની મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે સંપૂર્ણ પ્રોજેક્ટની ચાલુ કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ કામગીરી અંગેનો પ્રોગ્રેસીવ રીપોર્ટ પણ નિહાળ્યો હતો. આ અન્ડરબ્રીજમાં બન્ને બાજુ ૪.૫ મીટર સર્વિસ રોડ, ૬.૬૦ મીટરનો બંને બાજુ બોક્સની અંદર કેરેજ–વે, ૬.૭૫ મીટરનો બોક્સની બહાર બોક્સને જોડતો કેરેજ–વે તેમજ વૈશાલીનગર–૧ (શાક માર્કેટ તરફ) થી ચુડાસમા મેઈન રોડ (એરપોર્ટ રોડ) તરફ બ્રિજની ઉપરથી જવા માટેની સુવિધા, કિશાનપરા (RMC સોસાયટી) તરફથી શ્રેયસ સોસાયટી (રેસકોર્ષ) તરફ બ્રિજની ઉપરથી જવા માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. જે અંદાજીત ૨૧ કરોડમાં બનાવવામાં આવી રહ્યો છે અને ફેબ્રુઆરી–૨૦૨૧ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.













# લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રીજ, આમ્રપાલી અન્ડરબ્રીજના ચાલુ પ્રોજેક્ટની મુલાકાત અને સમીક્ષા કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

## લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રીજને કાલાવડ રોડ અન્ડરબ્રીજ જેવો જ બનાવવા કામગીરી ચાલુ :

## જુન - ૨૦૨૧ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન :

રાજકોટને સ્માર્ટ અને વિકાસ તરફ વેગવંતુ બનાવવા હાથ ધરવામાં આવી રહેલા વિવિધ પ્રોજેક્ટમાં શહેરમાં સરળ પરિવહન માટેના પ્રોજેક્ટનો પણ સમાવેશ આપી રહ્યો છે. ટ્રાફિકની સમસ્યાનો ક્રમશઃ ઉકેલ આવે તે માટે શહેરમાં વિવિધ મહત્વપૂર્ણ ટ્રાફિક જંકશન ખાતે અન્ડરબ્રીજ કે ઓવરબ્રિજના પ્રોજેક્ટ આગળ ધપી રહ્યા છે. આ પૈકી મહત્વપૂર્ણ બે પ્રોજેક્ટ એવા લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રીજ અને આમ્રપાલી રેલ્વે ફાટક ખાતેના અન્ડરબ્રીજ પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી સમયસર અને ઝડપી પૂર્ણ થાય તે માટે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે આજે બંને સ્થળોની મુલાકાત લઇ કાર્ય પ્રગતિની સમીક્ષા કરી હતી. કોરોનાકાળ સમયમાં પણ અન્ય કામગીરીને વેગ મળે અને ચાલુ પ્રોજેક્ટને ઝડપથી પૂર્ણ કરવા અંગે સુચના આપી હતી. તા.૨૨–૧૦–૨૦૨૦ના રોજ મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલએ લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રીજ, આમ્રપાલી ફાટક – રૈયા રોડ ખાતેના ચાલુ પ્રોજેક્ટની મુલાકાત કરી હતી. જેમાં મ્યુનિ. કમિશનરશ્રી સાથે નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી, પી.એ. (ટેક.) ટુ શ્રી રસિક રૈયાણી, સિટી એન્જી. શ્રી કે.એસ.ગોહેલ, શ્રી એચ. એમ. કોટક, ડે. એક્સી. એન્જી. શ્રી કુંતેશ મહેતા, શ્રી પટેલીયા, શ્રી મહેશ જોષી, આસી. એન્જી. શ્રી ધીરેન કાપડિયા ઉપસ્થિત રહ્યા હતા.

લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રીજની મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રી જણાવ્યું હતું કે, કાલાવડ રોડ રેલ્વે અન્ડરબ્રીજ જેવો જ આ લક્ષ્મીનગર રેલ્વે અન્ડરબ્રીજ બનાવવામાં આવશે. જેમાં સાયકલ ટ્રેક, પેડેસ્ટલ ટ્રેક, લાઈટીંગ, ૭.૫ મીટરનો કેરેજ–વે જેવી સુવિધાઓ કરવામાં આવશે. જે અંદાજીત ૨૦ કરોડમાં બનાવવામાં આવી રહ્યો છે અને આ પ્રોજેક્ટ પર કામગીરી કરનાર જય જવાન કન્સ્ટ્રકશન કંપની ને જુન – ૨૦૨૧ સુધીમાં અન્ડરબ્રીજની કામગીરી પૂર્ણ કરવાની સુચના આપવામાં આવી હતી. ઉપરાંત સંપૂર્ણ પ્રોજેક્ટનો પ્રોગ્રેસ રીવ્યુ રીપોર્ટ નિહાળ્યો હતી અને કામગીરીની સમીક્ષા કરી હતી.

આમ્રપાલી રેલ્વે અન્ડરબ્રીજની મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે સંપૂર્ણ પ્રોજેક્ટની ચાલુ કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ કામગીરી અંગેનો પ્રોગ્રેસીવ રીપોર્ટ પણ નિહાળ્યો હતો. આ અન્ડરબ્રીજમાં બન્ને બાજુ ૪.૫ મીટર સર્વિસ રોડ, ૬.૬૦ મીટરનો બંને બાજુ બોક્સની અંદર કેરેજ–વે, ૬.૭૫ મીટરનો બોક્સની બહાર બોક્સને જોડતો કેરેજ–વે તેમજ વૈશાલીનગર–૧ (શાક માર્કેટ તરફ) થી ચુડાસમા મેઈન રોડ (એરપોર્ટ રોડ) તરફ બ્રિજની ઉપરથી જવા માટેની સુવિધા, કિશાનપરા (RMC સોસાયટી) તરફથી શ્રેયસ સોસાયટી (રેસકોર્ષ) તરફ બ્રિજની ઉપરથી જવા માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. જે અંદાજીત ૨૧ કરોડમાં બનાવવામાં આવી રહ્યો છે અને ફેબ્રુઆરી–૨૦૨૧ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.



# આધાર કેન્દ્ર સુવિધાનો ૧૬૫ લોકોએ લાભ લીધો

## આધાર કેન્દ્ર ખાતે આવનાર દરેકના હેલ્થ ચેકઅપ કરવામાં આવે છે : મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં નોવેલ કોરોના વાઈરસ(covid-19) નું સંક્રમણ અટકાવવાનાં ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય વિભાગીય કચેરીઓ :– (૧) સેન્ટ્રલ ઝોન, ઢેબરભાઈ રોડ (૨) વેસ્ટ ઝોન, ૧૫૦ ફૂટ રીંગ રોડ અને (૩) ઈસ્ટ ઝોન, ભાવનગર રોડ ખાતે હંગામી અસરથી બંધ કરવામાં આવેલ આધાર નોંધણી કેન્દ્રો તા. ૫–૧૦–૨૦૨૦ થી પુનઃ કાર્યરત્ત કરવામાં આવેલ છે, આધાર નોંધણી ખાતે લાભ લેવા માટે ઓનલાઈન અને ટેલીફોનીક અપોઈન્ટમેન્ટ લેવાની રહે છે, જેમાં તા.૬–૧૦–૨૦૨૦ ના રોજ ત્રણેય ઝોનમાંથી ૧૬૫ લોકોએ આધાર કેન્દ્ર સેવાનો લાભ લીધો હતો, એક નાગરિક સેવા પૂર્ણ થયે ઉપયોગમાં લેવાયેલ બાયોમેટ્રિક ડિવાઈઝને સેનિટાઈઝેશન પણ કરવામાં આવે છે, અને આવનાર દરેક વ્યક્તિનું ટેમ્પરેચર, પલ્સ અને ઓક્સિજન લેવલ ચેકઅપ કરવામાં આવે છે અને દરેકના હાથ સેનિટાઈઝેશન કરવામાં આવે છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

કોરોના વાઈરસ(covid-19) નું સંક્રમણ અટકાવવા નીચે મુજબની સૂચનાઓનું આધાર કેન્દ્રોની મુલાકાત લેનાર રહીશોએ ફરજીયાતપણે પાલન કરવાનું રહેશે.

(૧) માઈક્રો કન્ટેન્ટમેન્ટ જાહેર કરેલ એરીયાના રહેવાસીની આધાર નોંધણી કરવામાં આવશે નહિ.

(૨) આધાર નોંધણી માટે આવતાં રહીશો ઓનલાઈન એપોઈન્ટમેન્ટ/ટેલીફોનીક એપોઈન્ટમેન્ટ મેળવ્યા બાદ જ આધાર નોંધણી/અપડેટ માટે આવી શકશે. જેથી રહીશોએ નીચેની વિગત મુજબ ઓનલાઈન/ટેલીફોનીક એપોઈન્ટમેન્ટ ફરજિયાતપણે લેવાની રહેશે.

(૩) ૧. ઓનલાઈન એપોઈન્ટમેન્ટ www.uidai.gov.in ૨. ટેલીફોનીક એપોઈન્ટમેન્ટ મેળવવા નંબર તથા સમય ટેલી.નં. ૦૨૮૧–૨૨૨ ૫૩૪૨, ૦૨૮૧–૨૨૨ ૫૩૪૩, સમય સવારે ૧૧ થી સાંજે ૦૫, કચેરીનાં ચાલુ કામનાં દિવસે ૧ દિવસ માટે ઝોન દીઠ મહત્તમ ૬૦ એપોઈન્ટમેન્ટ મળી શકશે.

(૪) તાવ, શરદી, ખાંસી વગેરે જેવા લક્ષણો હોય તેવાં રહીશોની આધાર નોંધણી કરવામાં આવશે નહિ.

(૫) આધાર નોંધણી/સુધારણા માટે એક જ વ્યક્તિને પ્રવેશ આપવામાં આવશે તથા બહારનાં ભાગમાં રહીશોએ / અરજદારોએ સોશિયલ ડીસટન્સ સાથે લાઈનમાં રહેવાનું રહેશે.

(૬) આધાર નોંધણી માટે આવતાં રહીશોએ ફરજીયાત માસ્ક પહેવાનું રહેશે.

(૭) આધાર નોંધણી માટે આવતાં રહીશોએ સેનેટાઈઝરથી હાથ સેનેટાઈઝ કરી, શરીરનું તાપમાન તથા Spo2 ચેક કર્યા બાદ અરજદારની સ્થતી સામાન્ય હશે તો જ આધાર નોંધણી કરી આપવામાં આવશે.

(૮) રહેવાસીએ / અરજદારોએ આધાર નોંધણી કેન્દ્ર પરનાં અન્ય કોઈ સાધનોને અડવું નહિ.

(૯) આધાર નોંધણી ફોર્મ પૂરેપૂરું ભરી જરૂરી દસ્તાવેજોની ચકાસણી બાદ જ આધાર નોંધણી સેન્ટરમાં પ્રવેશ આપવામાં આવશે.





# સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના ૧૨૦ થી વધુ કર્મચારીઓ દ્વારા માઈક્રોકન્ટેઈમેન્ટ વિસ્તારમાં સેનિટાઈઝ કરવાની કામગીરી

## પોતે સાવચેતી રાખીને કોરોના પોઝિટિવ આવેલ દર્દીનું ઘર તેમજ તેમની આજુ બાજુના ઘરને સેનિટાઈઝ કરવાની કામગીરી કરાતા SWM ના કર્મચારીઓઃ મ્યુનિ. કમિશનરશ્રી

હાલ સમગ્ર વિશ્વ કોરોના વાઈરસ સામે ઝઝૂમી રહ્યું છે. કોરોના સામે રક્ષણ મેળવવા સૌ નાગરિકોએ પોતાની ફરજ સમજીને માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અને સેનિટાઈઝેશન તેમજ વારંવાર હાથ ધોવાની પ્રક્રિયા કરવાની રહે છે. રાજકોટ શહેરને કોરોના વાઈરસમાંથી મુક્ત કરવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૩–૧૦–૨૦૨૦ના રોજ અવિરત કામગીરી કરવામાં આવે છે. કોરોનાકાળ વધે પણ રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના ૧૨૦ થી વધુ કર્મચારીઓ દ્વારા દરરોજ જાહેર થતા માઈક્રોકન્ટેઈનમેન્ટ વિસ્તારમાં હેન્ડ પમ્પ વડે સેનિટાઈઝ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે, કોરોના સામે રક્ષણ મેળવવા હાલ માસ્ક પહેરવું, એક બીજા વ્યક્તિ વચ્ચે સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અને વારંવાર સાબુથી હાથ સાફ કરવા અથવા વારંવાર સેનિટાઈઝ કરવું જેનાથી વાઈરસના જીવનું નાશ કરી શકાય છે. કોરોનાથી ડરવાની જરૂર નથી. સાવચેતી રાખવાથી કોરોનાથી બચી શકાય છે. જેના ઉમદા ઉદાહરણ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના કર્મચારીઓ છે. જેઓ દરરોજ કોરોના પોઝિટિવ નોંધાયેલ દર્દીઓના વિસ્તારમાં જઈને ત્યાનો આજુ બાજુનો વિસ્તાર સેનિટાઈઝ કરે છે. પોતે સાવચેતી રાખીને કોરોના પોઝિટિવ આવેલ દર્દીનું ઘર તેમજ તેમની આજુ બાજુના ઘરને સેનિટાઈઝ કરવાની કામગીરી કરે છે. રાજકોટ શહેરને કોરોના વાઈરસથી મુક્ત કરવા માટે મહાનગરપાલિકા અવિરત કામગીરી કરી રહી છે. જેની સામે શહેરીજનોએ જાગૃતતા દાખવી છે. લોકોએ ડરવાની જરૂર નથી. જો કોરોના વાઈરસના પ્રાથમિક લક્ષણો જેવા કે શરદી, તાવ, ઉધરસ કે શ્વાસ લેવામાં તકલીફ જણાય તો તુર્ત જ મહાનગર–પાલિકાના આરોગ્ય કેન્દ્ર ખાતે હેલ્થ ચેકઅપ કરાવો અથવા મનપાની ધનવંતરી સેવા, ૧૦૪ સેવા રથ, ટેસ્ટીંગ બુથ, ટેસ્ટીંગ વ્હીકલ સેવાનો લાભ ઉઠાવો. કોરોનાને પ્રાથમિક તબક્કાથી જ શરીરમાંથી નાશ કરીએ. સાવચેતી રાખીએ સતર્ક રહીએ. શહેરના જે જે વિસ્તારોમાંથી કોરોના પોઝિટિવ કેસ નોંધાય છે તે વિસ્તારને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા માઈક્રોકન્ટેઈનમેન્ટ વિસ્તાર જાહેર કરવામાં આવે છે. આ વિસ્તારમાં મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ ની સુચનાથી નાયબ પર્યાવરણ ઈજનેરશ્રી નીલેશ પરમારના માર્ગદર્શન હેઠળ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રી વલ્લભ જીંજાળા, શ્રી દિગ્વિજયસિંહ તુવર અને શ્રી પ્રજેશ સોલંકીની દેખરેખ હેઠળ સેનિટાઈઝ કરવાની કામગીરી કરવામાં આવે છે.

